**પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષકના ધોરણો સુધારવા બાબત..**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૪૨૦૧૦-૨૪૨૦૭૬-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા.૩-૬-૨૦૧૦

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગના તા.૨૨-૯-૧૯૮૦ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૮૦-૩૫૨૭૪-ક,
(૨) શિક્ષણ વિભાગના તા.૧૫-૪-૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,
(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની સીંગલ ફાઇલ ક્રમાંકઃપ્રાશિનિ/ક/નિતિ-૧-૧૦,પરની તા.૨૭-૧-૨૦૧૦ તથા તા.૦૨-૦૨-૧૦ની દરખાસ્ત.
(૪) નાણાં વિભાગનો તા.૨૯-૪-૨૦૧૦નો ઠરાવ ક્રમાંકઃખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧.

આ મુ ખ :-

રાજયની શિક્ષણ સમિતિઓ તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષકનું ધોરણ નકકી કરવા માટે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક-૩ થી દરખાસ્ત કરવામાં આવેલ હતી. શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-૧માં જણાવેલ ઠરાવથી રાજયની શિક્ષણ સમિતિઓ તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે.

| ધોરણ | જે તે વર્ષની ૩૦મી સપ્ટેમ્બરના રોજ નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યાના ૯૦ ટકા | કેટલા શિક્ષકો નિમી શકાય |
|---|---|---|
| ધોરણ ૧ અને ૨ (બંને ધોરણના વિદ્યાર્થીઓની સંખ્યાનો સરવાળો ગણત્રીમાં લેવાનો છે.) | ૫૦ સુધી | ૧ |
| | ૬૦ થી ૧૦૦ સુધી | ૨ |
| | ૧૦૧ થી ૧૫૦ સુધી | ૩ |
| | ૧૫૧ વિદ્યાર્થીએ અને તે મુજબ દર ૫૦ વિદ્યાર્થીએ એક શિક્ષક મળવાપાત્ર થશે. | ૪ |
| ધોરણ ૩ અને ૪ (બંને ધોરણોના વિદ્યાર્થીઓની સંખ્યાનો સરવાળો ગણત્રીમાં લેવાનો છે). | ૧૫ થી ૪૦ સુધી | ૧ |
| | ૫૧ થી ૧૦૦ સુધી | ૨ |
| | ૧૦૧ થી ૧૫૦ સુધી અંને તે મુજબ દર ૫૦ વિદ્યાર્થીએ એક શિક્ષક મળવાપાત્ર થશે. | ૩ |
| ધોરણ ૫, ૬ અને ૭ પ્રત્યેક વર્ગ દીઠ | ૧૫ થી ૪૦ સુધી | ૧ |
| | ૫૧ થી ૧૦૦ સુધી અને તે મુજબ દર ૫૦ વિદ્યાર્થીએ એક શિક્ષક મળવાપાત્ર થશે | ૨ |

વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં લીધા સિવાય એક શિક્ષકવાળી ધોરણ ૩ અને ૪ સુધીની શાળાદીઠ બીજો શિક્ષક વિદ્યાર્થીઓની સંખ્યા ૫૧ થી વધુ થાય ત્યારે મળવાપાત્ર થશે.

૨૦૦ અથવા તે ઉપરાંતની પ્રવેશ સંખ્યા ધરાવતી શાળાઓ માટે નીચે મુજબના વધારાના (વધુમાં વધુ ત્રણ શિક્ષક) મળવાપાત્ર થશે.

| વિદ્યાર્થીઓની સંખ્યા | મળવાપાત્ર શિક્ષકો |
|---|---|
| ૨૦૦ થી ૫૦૦ સુધી | ૧ |
| ૫૦૧ થી ૧૦૦૦ સુધી | ૨ |
| ૧૦૦૦ થી વધારે | ૩ |

રાજય સરકારે ભારત સરકારના રાઈટ ટુ એજયુકેશન એકટનો તા.૧-૪-૨૦૧૦થી અમલ કરવા નિર્ણય કરેલ છે. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રાજય સરકાર રાજયની શિક્ષણ સમિતિઓ તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ નીચે પ્રમાણે ઠરાવે છે.

(અ) **ધોરણ-૧ થી ૫ ના વર્ગો :-**

૧. ૬૦ વિદ્યાર્થીઓ સુધી — ૨ શિક્ષક

૨. ૬૧ થી ૯૦ વિદ્યાર્થીઓ સુધી- — ૩ શિક્ષક

૩. ૯૧ થી ૧૨૦ વિદ્યાર્થીઓ સુધી- — ૪ શિક્ષક

૪. ૧૨૦ થી ૨૦૦ વિદ્યાર્થીઓ સુધી- — ૫ શિક્ષક

૫. ૨૦૦ થી ઉપર વિદ્યાર્થીઓ સુધી- શિક્ષક રેશિયો ૪૦ થી વધવો જોઇએ નહીં.

(બ) **ધોરણ-૬ થી ૮ના વર્ગો :-**

૧. ઓછામાં ઓછા ૩ શિક્ષકો- વિજ્ઞાન અને ગણિત માટે ૧, ભાષા માટે ૧ અને સામાજિક વિજ્ઞાન માટે ૧ શિક્ષક.

૨. દરેક ૩૫ વિદ્યાર્થીઓ દીઠ ઓછામાં ઓછા ૧ શિક્ષક.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૯-૫-૨૦૧૦ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.

PRE-142010-242076-k.doc

- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

  } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- સિલેક્ટ ફાઇલ.